# પ્રાથમિક શિક્ષણ સુધારણા યોજના અંતર્ગત ગુણોત્સવ કાર્યક્રમ

**પ્રહલાદ કે. પ્રજાપતિ**
પીએચ.ડી. સ્કોલર

**૧.પ્રસ્તાવના**

વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે પ્રાથમિક શિક્ષણ એ શિક્ષણની પાયાની જરૂરિયાત છે. પ્રાથમિક શાળાનું શિક્ષણ ગુણવત્તાસભર બનાવવું જરૂરી છે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળામાં શિક્ષણની ગુણવત્તાનું સ્તર સુધારવા માટે વિવિધ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, કે જેમાં સર્વશિક્ષા અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા શિક્ષણમાં વિવિધ યોજનાઓ હાલ અમલમાં છે.

શાળાના વિદ્યાર્થીઓને પોષ્ટિક ગુણવત્તાયુક્ત ખોરાક મળે તે હેતુથી મધ્યાહન ભોજન યોજના ઈ.સ. 1984 માં ગુજરાતમાં સૌપ્રથમ શરૂ કરવામાં આવી હતી. ઈ.સ. 1986 ની નવી શિક્ષણનીતિ બાદ ડી.પી.ઈ.પી. (જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ) જેવી યોજનાઓ દ્વારા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવામાં આવી. હાલમાં શળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી યોજના, વિદ્યાલક્ષી બોન્ડ યોજના, કસ્તુરબા ગાંધી બાલીકા વિદ્યાલય, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ, ભાર વગરનું ભણતર, શાળા ગુણવત્તા એવોર્ડ, પ્રજ્ઞા અભિગમ, કોમ્પ્યૂટર એઈડેડ લર્નિંગ કાર્યક્રમ અને શાળા ગુણોત્સવ કે જેનો મુખ્ય હેતુ ગુણવત્તાલક્ષી શિક્ષણ પ્રાથમિક શાળાઓમાં કેટલા અંશે સફળ થયું છે તેની ચકાસણી માટે મૂલ્યાંકન કરવાનું છે.

**૨.સંશોધન શીર્ષક**

પ્રાથમિક શિક્ષણ સુધારણા યોજના અંતર્ગત ગુણોત્સવ કાર્યક્રમ

**૩.ગુણોત્સવની સૈદ્ધાંતિક સમજ**

ગુણોત્સવ કાર્યક્રમની રૂપરેખા આ મુજબ છે જે અંગે શિક્ષણ વિભાગ દ્વારા નક્કી કરેલ કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ રજૂ કરવામાં આવ્યું છે.

**૩.૧ ગુણોત્સવ કાર્યક્રમ**

ગુણોત્સવ કાર્યક્રમમાં શાળામાં મુલાકાતે આવનાર અધિકારી શ્રી કાર્યક્રમ મુજવ શાળાનું મૂલ્યાંકન કાર્ય માટે ઉપસ્થિત રહે છે. જેની શરૂઆત પ્રાર્થનાસભાથી થાય છે.

**૩.૨ પ્રાર્થનાસભા**

પ્રાર્થના સંગીતમય અને લયબદ્ધ થાય છે, બાળકોની વધારે સામેલગીરી જોવા મળે છે. પ્રાર્થનાસભામાં અન્ય પ્રવૃત્તિનું આયોજન થાય છે. પ્રાર્થનાસભાનું આયોજન લેખિત સ્વરૂપે રજૂ કરવામાં આવતું હોય છે.

**૩.૩ વિદ્યાર્થી કસોટી ધોરણવાર વર્ગવાર**

અધિકારીશ્રી દ્વારા વિદ્યાર્થીઓની ધોરણવાર આપેલ મૂલ્યાંકનપત્ર દ્વારા તે કસોટી લેવામાં આવે છે. તે ઉપરાંત, આપેલ કસોટીપત્રમાં વિદ્યાર્થીઓનું ગુણાંકન કરવામાં આવે છે.

→શૈક્ષણિક મૂલ્યાંકન ઉપરાંત શાળાના ભૌતિક સુવિધાઓની ચકાસણી કરવામાં આવે છે અને મૂલ્યાંકન પત્રમાં ગુણાંકન કરવામાં આવે છે.

→વિવિધ સમિતિ / ગામ સભા / વાલી સંમેલન વગેરેનું આયોજન કરવામાં આવે છે. અધિકારીશ્રી દ્વારા શાળામાં ગામના વાલીશ્રીઓ દ્વારા વાલીસંમેલન બોલાવવામાં આવે છે અને બાળકો, શિક્ષકો, અંગે શાળાકીય વાતાવતણ અંગે ચર્ચાનું આયોજન થાય છે.

### ૩.૪ સાંસ્કૃતિક કાર્યક્રમ

શાળાના બાળકો દ્વારા આવેલ મહેમાનનું ભાવભર્યું સ્વાગત અને સન્માન કરવા શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

### ૩.૫ અધિકારીશ્રીનું પ્રવચન

અંતે શાળામાં આવેલ અધિકારી દ્વારા શિક્ષણને લગતી તેમજ શાળાકીય સારી બાબતો અંગે રજૂઆત કરવામાં આવે છે. છેલ્લે શાળાના આચાર્યશ્રી દ્વારા આભારવિધિ દ્વારા ગુણોત્સવ કાર્યક્રમ પૂર્ણ થાય છે.

### ૪. ગુણોત્સવ કાર્યક્રમના હેતુઓ

૧. શિક્ષણની ગુણવત્તા બાબતે શિક્ષકો અને લોકોમાં જાગૃતતા લાવવી.
૨. શાળાઓનું મૂલ્યાંકન કરવું.
૩. શાળાના બાળકોની લેખન, વાંચન અને ગાણિતિક આવડતનું મૂલ્યાંકન કરવું.
૪. વર્ગખંડના શૈક્ષણિક કાર્યને ગુણવત્તા સભર બનાવવું
૫. શાળાના શૈક્ષણિક સંલગ્ન પ્રવૃત્તિઓ અને માળખાકીય સુવિધાઓના ઉપયોગનું મૂલ્યાંકન કરવું.
૬. પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવો.

### ૫. ગુણોત્સવ કાર્યક્રમનું સ્વરૂપ

ગુણોત્સવ કાર્યક્રમમાં શાળાની મુલાકાત લેનાર અધિકારીશ્રી શાળામાં આખો દિવસ રોકાય છે. દરેલ શાળાએ ગયા વર્ષની જેમ શાળા "સ્વ-મૂલ્યાંકન" પૂસ્તિકા જાતે જ ભરવાની છે. જે મુલાકાત લેવા આવનાર અધિકારીશ્રી મુલાકાતના દિવસે તે પુસ્તિકા ભરે છે. શાળાનું શૈક્ષણિક મૂલ્યાંકન કરવાનું હોવાથી શૈક્ષણિક મૂલ્યાંકન પત્રક ભરવામાં આવે છે અને તમામ વિષયોનું મૂલ્યાંકન કરે છે. દરેક વિષયની પાંચ-પાંચ પ્રશ્નોની સો પ્રશ્નપત્રાની પ્રશ્નબેંકની બુકમાંથી અધિકારી પ્રશ્નો પૂછી તેનું મૂલ્યાંકન કાર્ય થાય છે.

શાળાનું મૂલ્યાંકન ત્રણ રીતે કરવામાં આવે છે.

૧. શૈક્ષણિક મૂલ્યાંકન
૨. શિક્ષણ સંલગ્ન પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન
૩. ભૌતિક સુવિધઓની જાળવણી અને તેના ઉપયોગનું મૂલ્યાંકન

આમ, શાળામાં ગુણોત્સવ કાર્યક્રમ દ્વારા શાળાની ગુણોવત્તાની ચકાસણી કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

### ૬. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધન ચોક્કસ હેતુઓને ધ્યાને લઇ હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.

૧. "ગુણોત્સવ કાર્યક્રમ"ની સૈદ્ધાંતિક ભૂમિકા તપાસવી.
૨. "ગુણોત્સવ કાર્યક્રમ" અંગે અભિપ્રાયાવલીઓની રચના કરવી.
૩. "ગુણોત્સવ કાર્યક્રમ"ના વિવિધ પાસા અંગે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

### ૭. સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં નીચેના જેવા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

૧. "ગુણોત્સવ કાર્યક્રમ"માં કઇ કઇ બાબતોનો સમાવેશ થતો હશે?
૨. કાર્યક્રમ દરમિયાન બાળકોનું મૂલ્યાંકન, શૈક્ષણિક કાર્યનું મૂલ્યાંકન, માળખાકીય સુવિધાઓનું મૂલ્યાંકન, કાર્યક્રમનો સમયગાળો, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન અને કાર્યક્રમની ઉપયોગીતા અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે.?

**૮. સંશોધનની મર્યાદા**

પ્રસ્તુત અભ્યાસ નિમ્ન સીમાંકનને આધિન રહી હાથ ધરવામાં આવ્યો હતો.

૧. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળામાં ગુણોત્ત્સવ કાર્યક્રમ અંગેનું વિવેચનાત્મ અભ્યાસ કરવા માટે સ્વરચિત અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવેલ, આથી આ ઉપકરણની તમામ મર્યાદાઓ પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ બની હતી.

૨. પાત્રોના અભિપ્રાયો આધારિત તારણો તારવવામાં આવ્યા હતા, તેથી પાત્રોની મર્યાદા એ પ્રસ્તુત અભ્યાસની મર્યાદા બની હતી.

**૯. વ્યાપવિશ્વ અને નમૂનો**

***૯.૧ વ્યાપવિશ્વ***

વ્યાપવિશ્વ એટલે સંશોધકને જેને લગતી માહિતી અપેક્ષિત હોય તે એકમોની કુલ સંખ્યા, સંશોધક જેના વિશે માહિતી મેળવીને તારણો તારવે છે તે જૂથ, જેના માટે સંશોધન પરિણામોનું સામાન્યીકરણ કરવામાં આવે છે તે પાત્રો, બનાવો, વસ્તુઓ વગેરેનું જૂથ. માહિતી મેળવવા સંશોધક જેમાંથી પ્રતિનિધિરૂપ નાનો ભાગ પસંદ કરે છે તે જૂથ અથવા તો સંશોધક જેના વિશે સંશોધન અભ્યાસ કરે છે તે જૂથ એટલે વ્યાપવિશ્વ. પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં ગુજરાત રાજ્યની ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓના તમામ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

***૯.૨ નમૂનો***

પ્રસ્તુત અભ્યાસનું કાર્યક્ષેત્ર ગુજરાત રાજ્ય હતું. આથી ગુજરાત રાજ્યમાં આવેલ તમામ ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓને સૌ પ્રથમ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એમ કુલ 5 ઝોનમાં વહેંચી તેની યાદી તૈયાર કરવામાં આવી હતી. ત્યાર બાદ આ વર્ગીકરણ પૈકી દરેક ઝોનમાંથી એક-એક જિલ્લાની પસંદગી ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિથી કરવામાં આવી હતી. ત્યાર બાદ પસંદ થયેલ દરેક જિલ્લાની પ્રાથમિક શાળાઓની યાદીમાંથી 25-25 શાળાઓની પસંદગી ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિથી કરવામાં આવી હતી. ત્યાર બાદ પસંદગી પામેલ શાળાઓના દરેક શાળામાંથી 4 શિક્ષકો એમ કુલ 500 શિક્ષકોનો સમાવેશ નિદર્શના પાત્રોમાં કરવામાં આવ્યો હતો. પ્રાથમિક શાળાઓની પસંદગી સ્તરિકૃત નિદર્શન પદ્ધતિ દ્વારા કરવામાં આવી હતી. તથા નિદર્શના પાત્રોની પસંદગી યાદચ્છિક નિદર્શન પદ્ધતિ દ્વારા કરવામાં આવી હતી.

**૧૦. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે **સર્વેક્ષણ પદ્ધતિની 'ડેલ્ફી મેથડ'** નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૧૧. સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે શાળાના શિક્ષકો માટે ‘‘સ્વરચિત અભિપ્રાયાવલિ’’ ની રચના કરી હતી.

**૧૨. માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સૌપ્રથમ અભ્યાસક દ્વારા પ્રથમ તબક્કામાં મેળવેલ શિક્ષકોના અભિપ્રાયાવલિ પરના પ્રતિચારોનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પ્રાથમિક શાળાના શિક્ષકોએ અભિપ્રાયાવલિ પર આપેલા પ્રતિચારોને ઘટક અનુસાર વર્ગીકૃત કરીને કમ્પ્યૂટરના M. S. Office નાં Excel પ્રોગ્રામમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તમામ પ્રકારની સાંખ્યિકીઓની ગણતરી કમ્પ્યૂટરના M. S. Office નાં Excel પ્રોગ્રામ દ્વારા કરવામાં આવી હતી.

સૌપ્રથમ અભ્યાસક દ્વારા “અભિપ્રાયાવલિ” પર પ્રાથમિક શાળાઓના શિક્ષકોના મેળવેલ પ્રતિચારોના આધારે તેનુ ગુણાંકન યોજના અનુસાર ગુણાંકન કાર્ય કરી, અભ્યાસકે રચેલ પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે ઘટક અનુસાર ટકાવારીના માધ્યમથી વિશ્લેષણ કરી તારણો મેળવવામાં આવ્યાં હતાં.

## ૧૩. તારણો

સંશોધન દરમિયાન મળેલ માહિતીનું સંશોધકે પૃથક્કરણ અને અર્થઘટન કરીને નીચે મુજબના તારણો તારવેલ છે.

### *૧૩.૧ પ્રાથમિક શાળાના શિક્ષકોના પ્રતિભાવોના તારણો*

**પ્રાર્થના સંમેલન**

૧. ગુણોત્સવથી પ્રાર્થના સંમેલન રસભર બન્યું છે.
આ વિધાનમાં 32.8% શિક્ષકો સહમત છે. અને 5.2% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવથી પ્રાર્થના સંમેલન રસભર બન્યું છે.**

૨. પ્રાર્થના સભામાં તમામ બાળકો સક્રિય રીતે ભાગ લે છે.
આ વિધાનમાં ૩૮.૬% શિક્ષકો સહમત છે. અને ૦.૬% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે ગુણોત્સવને લીધે પ્રાર્થના સભામાં તમામ બાળકો સક્રિય રીતે ભાગ લે છે.

**શિક્ષણકાર્ય**

૧. ગુણોત્સવ દ્વારા બાળકોના શિક્ષણની ગુણવત્તા વધી છે.
આ વિધાનમાં ૩૩.૨% શિક્ષકો સહમત છે. અને ૫% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે ગુણોત્સવ દ્વારા બાળકોના શિક્ષણની ગુણવત્તા વધી છે.

૨. ગુણોત્સવ કાર્યક્રમ એ શિક્ષણ સુધારણા કાર્યક્રમ છે.
આ વિધાનમાં ૩૬.૬% શિક્ષકો સહમત છે. અને ૬.૨% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે ગુણોત્સવ કાર્યક્રમ એ શિક્ષણ સુધારણા કાર્યક્રમ છે.

**શાળા શિસ્ત**

૧. ગુણોત્સવ પછી બાળકનું શાળામાં વર્તન સુધર્યું છે.
આ વિધાનમાં 26.4% શિક્ષકો સહમત છે. અને 11.2% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવ પછી બાળકનું શાળામાં વર્તન સુધર્યું છે.**

૨. ગુણોત્સવના કારણે શાળામાં સ્વચ્છતાનું પ્રમાણ વધ્યું છે.
આ વિધાનમાં 33% શિક્ષકો સહમત છે. અને 7% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવના કારણે શાળામાં સ્વચ્છતાનું પ્રમાણ વધ્યું છે.**

**વહીવટી કાર્ય**

૧. ગુણોત્સવના કારણે આચાર્યશ્રીની જબાબદારી વધી જાય છે.
આ વિધાનમાં ૪૨.૨% શિક્ષકો સહમત છે. અને ૩% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે ગુણોત્સવના કારણે આચાર્યશ્રીની જબાબદારી વધી જાય છે.

૨. ગુણોત્સવના કારણે શિક્ષણ પદ્ધતિમાં નવિનતા સ્વીકારવા માટે દરેક આચાર્ય હંમેશા તત્પર હોય છે.
આ વિધાનમાં ૪૪.૪% શિક્ષકો સહમત છે. અને ૨.૬% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે ગુણોત્સવના કારણે શિક્ષણ પદ્ધતિમાં નવિનતા સ્વીકારવા માટે દરેક આચાર્ય હંમેશા તત્પર હોય છે.

**સહઅભ્યાસિક પ્રવૃત્તિ**

૧. ગુણોત્સવ બાદ શાળામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.
આ વિધાનમાં ૩૮.૮% શિક્ષકો સહમત છે. અને ૫.૬% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે ગુણોત્સવ બાદ શાળામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

૨. ગુણોત્સવ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સારી અભિવ્યક્તિ ખીલે છે.

આ વિધાનમાં 41% શિક્ષકો સહમત છે. અને 7.4% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સારી અભિવ્યક્તિ ખીલે છે.**

**શાળા પુસ્તકાલય**

૧. ગુણોત્સવના કારણે ઇત્તર વાંચન વધારો થયો છે.
આ વિધાનમાં ૩૩.૪% શિક્ષકો સહમત છે. અને ૬.૮% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે ગુણોત્સવના કારણે ઇત્તર વાંચન વધારો થયો છે.

૨. ગુણોત્સવ બાદ શાળા પુસ્તકાલયમાં સુધારો થયો છે.
આ વિધાનમાં ૩૭.૨% શિક્ષકો સહમત છે. અને ૧.૮% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે ગુણોત્સવ બાદ શાળા પુસ્તકાલયમાં સુધારો થયો છે.

**મૂલ્યાંકન કાર્ય**

૧. ગુણોત્સવ કાર્યક્રમનું મૂલ્યાંકન શૈક્ષણિક તજજ્ઞો દ્વારા જ થવું જોઇએ.
આ વિધાનમાં 41.6% શિક્ષકો સહમત છે. અને 3.4% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવ કાર્યક્રમનું મૂલ્યાંકન શૈક્ષણિક તજજ્ઞો દ્વારા જ થવું જોઇએ.**

૨. ગુણોત્સવ કાર્યક્રમમાં દરેક શાળાનું અધિકારીઓ દ્વારા બાહ્ય મૂલ્યાંકન જ થવું જોઇએ.
આ વિધાનમાં 27.6% શિક્ષકો સહમત છે. અને 13% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવ કાર્યક્રમમાં દરેક શાળાનું અધિકારીઓ દ્વારા બાહ્ય મૂલ્યાંકન જ થવું જોઇએ.**

**મધ્યાહન ભોજન યોજના**

૧. ગુણોત્સવ બાદ શાળામાં ચાલતા મધ્યાહન ભોજનની ગુણવત્તા નિયમિત ચકાસવામાં આવે છે.
આ વિધાનમાં 34.2% શિક્ષકો સહમત છે. અને 4.6% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવ બાદ શાળામાં ચાલતા મધ્યાહન ભોજનની ગુણવત્તા નિયમિત ચકાસવામાં આવે છે.**

૨. ગુણોત્સવના કારણે મધ્યાહન ભોજન યોજનાની ગુણવત્તા સુધરી છે.
આ વિધાનમાં 29.6% શિક્ષકો સહમત છે. અને 5% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવના કારણે મધ્યાહન ભોજન યોજનાની ગુણવત્તા સુધરી છે.**

**લોકભાગીદારી**

૧. ગુણોત્સવ અંતર્ગત શાળા, સરકાર અને સમાજ વચ્ચે સહયોગ કેળવાયો છે.
આ વિધાનમાં 35.8% શિક્ષકો સહમત છે. અને 6.8% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવ અંતર્ગત શાળા, સરકાર અને સમાજ વચ્ચે સહયોગ કેળવાયો છે.**

૨. ગુણોત્સવના કારણે શાળા દ્વારા SMCની બેઠકો નિયમિતપણે બોલાવવામાં આવે છે.
આ વિધાનમાં 40% શિક્ષકો સહમત છે. અને 5.6% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવના કારણે શાળા દ્વારા SMCની બેઠકો નિયમિતપણે બોલાવવામાં આવે છે.**

**પ્રાર્થના સંમેલન**

૧. ગુણોત્સવના મૂલ્યાંકનના કારણે શાળાની ભૌતિક સુવિધાઓમાં વધારો થયો છે.
આ વિધાનમાં 44.8% શિક્ષકો સહમત છે. અને 3% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **ગુણોત્સવના મૂલ્યાંકનના કારણે શાળાની ભૌતિક સુવિધાઓમાં વધારો થયો છે.**

૨. શાળાના મૂલ્યાંકન બાદ ખૂટતી ભૌતિક સુવિધાઓ પૂરી પડાય છે.
આ વિધાનમાં 43.2% શિક્ષકો સહમત છે. અને 3% શિક્ષકો સંપૂર્ણ અસહમત છે. તેથી મોટાભાગના પ્રાથમિક શાળાના શિક્ષકો એવું માને છે કે **શાળાના મૂલ્યાંકન બાદ ખૂટતી ભૌતિક સુવિધાઓ પૂરી પડાય છે.**

## ૧૪. ઉપસંહાર

પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તાના સ્તરની સિદ્ધિના માપન માટે ગુણોત્સવ કાર્યક્રમ મહત્ત્વપૂર્ણ છે. શાળા અને વર્ગખંડના અવલોકન અને નિરીક્ષણની પ્રક્રિયા દ્વારા શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં જાગૃત્તિ આવી છે. શાળાના આચાર્ય, શિક્ષકો અને S.M.C. ના સભ્યો જેટલા સક્રિય, દીર્ઘદૃષ્ટિવાળા અને નિષ્ઠાવાળા હોય તેમજ શાળાનું વાતાવરણ ચાર્ડ ફ્રેન્ડલી હોય તો તે શાળાના શૈક્ષણિક સિદ્ધિના સ્તરને અપગ્રેડ કરી શકે છે.

## સંદર્ભ

૧. શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય (2015) ગુણોત્સવ-5, 2014-15 શાળા સ્વમૂલ્યાંકન માર્ગદર્શિકા, ગાંધીનગર.
૨. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ (2011). શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) તાલીમ મોડ્યુલ, ગાંધીનગર
૩. શાહ, દિપીકા ભદ્રેશ (2004), **શૈક્ષણિક સંશોધન**, (અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ)
4. Acharya, Mohini Acharya (2008). In Education Research Methods- Studies. Ahmedabad : Akshar Publication.